# જિલ્લા શિક્ષણ સમિતિ - કચ્છ.

## દ્વિતીય સત્રાંત કસોટી - 2023-2024

તા. : 13/04/2024 | ધોરણ :- 6 | ગુણ :- 80
વાર :- શનિવાર | વિષય :- ગુજરાતી | સમય :- 8.00 થી 11.00

**પ્ર-1 આપેલા પ્રશ્નોના બે વાક્યમાં જવાબ લખો.** (14)

1. મીનીના પપ્પા તેને હસાવવા માટે શું કરતા ?
2. પરપોટાના મિત્રોનું નામ શું હતું ? તે ક્યાં રહેતા ?
3. અભિમન્યુ કોનો દીકરો હતો ? તેના પાસે કઈ વિદ્યા હતી ?
4. 'સિંધુડો' શું છે ? તેના લેખક કોણ છે ?
5. કવિએ ટેકરીને કેવી કહી છે ? શા માટે ?
6. પરપોટો કેવો કેવો છે ?
7. આપણી હાકલ સાંભળી જો કોઈ સાથે ન આવે તો કવિએ શું કરવા કહ્યું છે ?

**પ્ર-2 ફકરાના આધારે પ્રશ્નોના જવાબ લખો.** (5)

મીની મનમાં ને મનમાં બોલતી, પપ્પા મારી ખૂબ કાળજી રાખે એની ના નહિ, પણ એ ક્યારેય મમ્મીને યાદ પણ ન કરે એ મને બિલકુલ ન ગમે. આખા ઘરમાં ક્યાંય મમ્મીનો ફોટો પણ નહોતો. કેટલાંય ઘરોમાં મૃત્યુ પામેલાં સ્વજનોના ફોટા હું જોતી, સુગંધી હાર ચઢાવ્યો હોય, ચાંલ્લો કર્યો હોય અથવા એવા ફોટા જોઈ મને કંઈક કંઈ થઈ જતું. મને મમ્મી બહુ યાદ આવતી, પણ મમ્મીનો ચહેરો ઘણો ભુલાઈ ગયો હતો. મને લાગતું કે, હું જેમ જેમ મોટી થતી જઈશ એમ મમ્મીને સાવ ભૂલી જઈશ. એક વખત તો મેં પપ્પાને કહી જ દીધું, 'પપ્પા, આ સોફાની પાછળની ભીંત સાવ ખાલી છે. ત્યાં મારી મમ્મીનો ફોટો મૂકવો છે.'

1. કેટલાંય ઘરોમાં મૃત્યુ પામેલાં સ્વજનોના ફોટા હું જોતી. આ વાક્ય કોણ બોલે છે ?
2. 'પોતાનું માણસ' માટે ફકરામાં કયો શબ્દ વપરાયો છે ?
3. મીની મોટી થશે તો પણ તેને તેની મમ્મીનો ચહેરો યાદ રહેશે. ખરું કે ખોટું ?
4. 'જન્મ' શબ્દનો વિરોધ અર્થ ધરાવતો શબ્દ ફકરામાંથી શોધીને લખો.
5. મીનીને તેની મમ્મીનો ફોટો ____ ની ભીંત પર મૂકવો છે.

**પ્ર-3 આપેલ કાવ્ય પંક્તિઓનો વિચાર-વિસ્તાર કરો. (કોઈપણ બે)** (8)

1. ઊભી થા આળસુની પીર અલી ટેકરી !
ચાલ, હવે ઝાલકો દા' રમીએ;
પોરો ખાવાને ભલે બેઠો પવન
ઊઠ, લ્હેરખીની જેમ બેઉ ભમીએ !

2. પાણી વચ્ચે - પરપોટો
એકલદોકલ - પરપોટો
જંતરમંતર - પરપોટો
પરપોટામાં તળાવ ઝૂલે - પરપોટો

3. મારે ઘેર આવજે, બેની !
નાની તારી ગૂંથવા વેણી.
આપણો દેશમાં નીર ખૂટ્યાં ને
સળગે કાળ દુકાળ;
ફૂલ વિના મારી બેનડી ! તારા
શોભતા નો'તા વાળ.

**પ્ર-4 (અ) સૂચના મુજબ કરો.** (6)

1. 'ટીખળ' શબ્દનો અર્થ લખો.
(અ) નકલ (બ) મજાક (ક) સ્વભાવ
2. દુકાળને લગતો શબ્દસમૂહ પસંદ કરો.
(અ) મલક સૂકવે (બ) મૂછમાં હસે (ક) સાતતાળી રમે
3. ઉનાળામાં ગરમી પડે. વાક્યનો અર્થ ન બદલે એ રીતે વાક્યમાં લીટી કરેલ શબ્દના સ્થાને અન્ય શબ્દ લખી વાક્ય ફરીથી લખો.
4. 'દરકાર' શબ્દનો અર્થ લખો.
(અ) કાળજી (બ) દરજી (ક) દરવાળો
5. નીચેનામાંથી કયું સાહિત્ય નથી.
(અ) કાગળ (બ) વાર્તા (ક) ગીત
6. હું દરરોજ દૂધ પીવું છું. વાક્યનો અર્થ ન બદલે એ રીતે વાક્યમાં લીટી કરેલ શબ્દના સ્થાને અન્ય શબ્દ લખી વાક્ય ફરીથી લખો.

**(બ) સૂચના મુજબ કરો.** (4)

1. ઉદાહરણ મુજબ શબ્દ બનાવો.
ઉ.દા. વાર્તા - વાર્તાકાર
કલા - ...................
2. મોટા માણસ બનવા મહેનત કરવી જ [illegible] લીટી કરેલ શબ્દની જગ્યાએ માન્યભાષાનો શબ્દ લખી વાક્ય ફરીથી લખો.

3. ઉદાહરણ મુજબ શબ્દ બનાવો.
   ઉ.દા. વાર્તા - વાર્તાકાર
   ચિત્ર - ..............
4. મારી પાસે સમય નથી નહીંતર તમને આ કામ કરવા ~~નો ક્વ~~. લીટી કરેલ શબ્દનો જગ્યાએ માન્યભાષાનો શબ્દ લખી વાક્ય ફરીથી લખો.

**પ્ર-5 (અ) નીચેનાં વાક્યો કયા કાળનાં છે તે લખો.** (5)

1. હું આવતીકાલે ભુજ જઈશ.
2. હેતલ લાડુ ખાઈ રહી છે.
3. મીત રોજ સવારે દોડવા જાય છે.
4. મધ્યાહ્ન ભોજન શાળામાં મોકલ...
5. અંજલી મેળો જોવા ચાલી નીકળી

**(બ) કૌંસમાં આપેલા વિકલ્પોનો ઉપયોગ કરી ખાલી જગ્યા પૂરો.** (5)

(તો, એટલે, અને, તો પણ, નહીંતર)

1. કેરી ખૂબ ઊંચે હતી .... ....... વિશાલે તોડી લીધી.
2. તબિયત નાદુરસ્ત હતી .. ......... કાજલ શાળાએ ન ગઈ.
3. અમે ટ્રાફિકમાં ફસાઈ ગયા ... ....... સમયસર પહોંચી આવ્યા હોત.
4. જો હું તેમ ન કરું .... ........... આવતીકાલે મને સજા આપજો.
5. ઝવેરચંદ મેઘાણીએ બધા માટે ગીતો ... ...... વાર્તાઓ લખી છે.

**(ક) લીટી કરેલ શબ્દની જગ્યાએ કૌંસમાં આપેલ શબ્દનો ઉપયોગ કરી જરૂરી ફેરફાર કરી વાક્ય ફરીથી લખો.** (5)

1. 'ચ' બોલતી વખતે જીભ તાળવાને અડે છે. (ધ)
2. 'ખ' બોલતી વખતે કંઠનો ઉપયોગ થાય છે. (બ)
3. મારી મમ્મી દૂધ-પૂરી બનાવતી એટલે હું ધરાઈને જમતી. (જમીશ)
4. મોહિત અત્યારે પરીક્ષા આપી રહ્યો છે. (રચના)
5. અભિમન્યુ એક ડગલું આગળ આવ્યો. (દ્રૌપદી)

**પ્ર-6 (અ) કૌંસમાં આપેલા શબ્દોનો યોગ્ય ઉપયોગ કરી વાક્ય પૂર્ણ કરો.** (5)

(પીઠ થાબડી, હતાશ, ફાળ પડી, અસહાયતા, નિ:શસ્ત્ર)

1. સામે અચાનક સિંહ આવી જતા હરણને ...

2. મહેશને ચૉકલેટ ન મળતા તે ........ થઈ ગયો.
3. મારા દાદાને વાંચતાં-લખતાં ન આવડે એટલે એ ........ અનુભવે.
4. યુદ્ધમાં ક્યારેય ........ પર પ્રહાર ન કરવા જોઈએ.
5. ખેલ મહાકુંભમાં પ્રથમ નંબર લાવનાર વિજયની સાહેબે ........

**(બ) નીચે આપેલા શબ્દોનો અથવા શબ્દભાવનો ઉપયોગ કરી વાક્ય બનાવો.** (5)

1. વાહ !
2. અરેરે
3. હેં !
4. શોકમય
5. નિશ્ચલ

**પ્ર-7 (અ) નીચેનામાંથી કોઈ પણ એક પાત્ર વિશે પાંચ વાક્યો લખો.** (5)

1. મીની
2. અભિમન્યુ

**(બ) નીચે આપેલ ચિત્રનું પાંચથી સાત વાક્યોમાં વર્ણન કરો.** (5)




**પ્રજ્ઞાચક્ષુ વિદ્યાર્થીઓ માટે :**
પરપોટો અને તેના મિત્રો વિશે પાંચથી સાત વાક્યો લખો.

**પ્ર-8 નીચેનામાંથી કોઈ પણ એક વિષય પર તમારો અનુભવ/મુક્ત વિચારો લખો.** (8)

1. તમે માણેલાં લગ્નપ્રસંગ
2. જો અઠવાડિયા સુધી પાણી ન આવે તો...

★